# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/071 Dt. 26/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા Standardization, Quality Certification & Quality Control Orders focused on Plywood, Hardware Products & Hard Tools વિષે સેશન યોજાયું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૩ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે Standardization, Quality Certification & Quality Control Orders focused on Plywood, Hardware Products & Hard Tools વિષે સેશન યોજાયું હતું, જેમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડડર્સ (BIS) સુરતના સિનિયર ડિરેકટર એન્ડ હેડ શ્રી એસ.કે. સિંઘે ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓને બીઆઇએસની કામગીરી, પ્રમાણપત્ર પ્રક્રિયા અને કવોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ અંગે વિસ્તૃત જાણકારી સાથે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે જ્યારે ભારતીય ઉદ્યોગ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી રહ્યો છે ત્યારે ગુણવત્તા પ્રમાણપત્રો અને સ્ટાન્ડર્ડાઇઝેશન ખૂબ જ આવશ્યક બની ગયા છે. પ્લાયવુડ, હાર્ડવેર અને હાર્ડ ટુલ્સ ઉદ્યોગોમાં ગુણવત્તાના ધોરણોનું પાલન કરવાથી વેપારીઓ તેઓની પ્રોડકટને માત્ર ભારતમાં જ નહીં વેચી શકે તે એક્ષ્પોર્ટ પણ કરી શકશે. એના માટે તેમણે ઉદ્યોગકારોને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદન માટે નવી ટેકનોલોજી અપનાવવાનો અનુરોધ પણ કર્યો હતો.

શ્રી એસ.કે. સિંઘે જણાવ્યું હતું કે, બીઆઇએસનું મુખ્ય લક્ષ્ય ગ્રાહકો સુધી સુરક્ષિત અને ગુણવત્તાવાળા ઉત્પાદનો પહોંચાડવા માટે ઉત્પાદકોમાં ગુણવત્તા પ્રત્યે જાગૃતિ લાવવી અને તેમને નિર્ધારિત ધોરણો અનુસાર ઉત્પાદન માટે

પ્રોત્સાહિત કરવાનું છે. સરકાર દ્વારા અનેક ઉત્પાદનો માટે કવોલિટી કન્ટ્રોલ ઓર્ડર્સ ફરજિયાત કરવામાં આવ્યા છે અને હવે પ્લાયવુડ, હાર્ડવેર અને ટૂલ્સ જેવી કેટેગરીમાં કાર્યરત ઉદ્યોગોએ બીઆઇએસ પ્રમાણપત્ર મેળવવું જરૂરી બની ગયું છે. યોગ્ય માર્ગદર્શન અને સમયસર અરજીની પ્રક્રિયા દ્વારા ઉદ્યોગકાર અને વેપારીઓ બીઆઇએસ પ્રમાણપત્ર સરળતાથી મેળવી શકે છે. વધુમાં તેમણે બીઆઇએસ સર્ટિફિકેશન મેળવવાની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો, લેબ ટેસ્ટિંગ, લાયસન્સ ફી અને કોમ્પ્લાયન્સ ચકાસણી અંગે પણ વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા તથા ઉદ્યોગ સાહસિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નૈનેષ પચ્ચીગરે સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની રિટેલ ટ્રેડ કમિટીના ચેરમેન શ્રી પ્રમોદ ભગતે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. કમિટીના કો–ચેરમેન શ્રી મિતેશ શાહે વકતાનો પરિચય આપ્યો હતો. શ્રી એસ.કે. સિંઘે વેપારીઓની બીઆઇએસ સંબંધિત મુંઝવણો દૂર કરી હતી અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.